અપીલ અરજી નં.૧૧૮ તા.૨૭–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી નં.૩૨૨ તા.૨૬–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી જણાવે છે કે જરી ગીલીટના ચાલતાં તમામ એકમો આરોગ્ય તેમજ ફાયર વિભાગની મંજુરી વગર ગેરકાયદેસર કેમીકલ (જવલંતશીલ પદાર્થો ) વપરાશ કરતાં માલુમ પડેલ તે અંગે ગેરકાયદેસર ચાલતાં તમામ જરી ગીલીટના એકમો સામે કાયદેસરની કાર્યવાહી શા માટે ન કરી? તથા પદાર્થો કબ્જામાં શા માટે ન લીધા?તથા તે બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે કે નહીં? તેની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૭–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૮/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી નં.૩૨૨ તા.૨૬–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી જણાવે છે કે જરી ગીલીટના ચાલતાં તમામ એકમો આરોગ્ય તેમજ ફાયર વિભાગની મંજુરી વગર ગેરકાયદેસર કેમીકલ (જવલંતશીલ પદાર્થો ) વપરાશ કરતાં માલુમ પડેલ તે અંગે ગેરકાયદેસર ચાલતાં તમામ જરી ગીલીટના એકમો સામે કાયદેસરની કાર્યવાહી શા માટે ન કરી?તથા પદાર્થો કબ્જામાં શા માટે ન લીધા? તથા તે બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે કે નહીં? તેની માહિતી આપવા બાબતે માહિતી અધૂરી આપવામાં આવેલ છે તથા પદાર્થનો જથ્થો કબ્જામાં ન લીધા બાબતેની જાણકારી આપવામાં આવેલ નથી તથા તેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે કે નહીં તેની માહિતી આપેલ નથી તેવું જણાવી તા.૨૦–૭–૦૯ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૪ તા.૪–૮–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૬૭ તા.૨૪–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં તેવા ઉદ્યોગો સામે નોંધાયેલ કોર્પોરેશન એકટ હેઠળ ફરીયાદ ફોર્મની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં કોર્ટ ફરીયાદ નં.૫૯૭/૦૯ થી ૬૦૩/૦૯,૬૦૫/૦૯ થી ૬૦૮/૦૯, ૬૩૮/૦૯ થી ૬૪૦/૦૯ તથા ૬૪૫/૦૯ અને ૨૬૭/૦૯ થી ૨૭૧/૦૯ જણાવતી નકલો રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૬–૬–૦૯ ની અરજીથી આરોગ્ય તેમજ ફાયર વિભાગની મંજુરી વગર ગેરકાયદેસર કેમીકલ (જવલંતશીલ પદાર્થો ) વપરાશ કરતાં માલુમ પડેલ તે અંગે ગેરકાયદેસર ચાલતાં તમામ જરી ગીલીટના એકમો સામે કાયદેસરની કાર્યવાહી શા માટે ન કરી?તથા પદાર્થો કબ્જામાં શા માટે ન લીધા? તથા તે બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે કે નહીં? તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને સી.ઝેડ/આરટીઆઈ/૪૭૮ તા.૨૦–૭–૦૯ થી અરજદારને જવલનશીલ પદાર્થોની મંજુરી લીધા વગર ગેરકાયદેસર કબ્જામાં રાખવા બદલ મે.જયુ. મેજીસ્ટેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં ફાયર વિભાગ ધ્વારા માહિતી મળેલ નથી તથા કોર્ટમાં કરેલ ફરીયાદના કેસ નંબરોની જાણકારી તથા જથ્થો શા માટે કબ્જામાં ન લીધો અને બંધ કરવાની જવાબદારી મહાનગરપાલિકાની આવે તે બાબતની કોઈ માહિતી નહીં આપ્યાની રજૂઆત કરેલ છે.જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતીમાં ફાયર વિભાગની માહિતીનો સમાવેશ થાય છે કે કેમ? અથવા તે અંગે અરજી તબદીલ અંગે માહિતી જણાતી નથી. તેમજ કોર્ટમાં કેસ કરવામાં આવેલ હોય તો તે અંગે જથ્થા બાબતે થયેલ કાર્યવાહીની માહિતી તથા લાયસન્સ વિના ધંધો કરેલ તો બંધ કરવાની જવાબદારી બાબતેની માહિતી અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. અરજદારે કેસની વિગતો અંગે મુળ અરજીથી અલાયદી અપીલ તબકકેની માંગણી કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફાયર વિભાગ અંગે કોઈ સ્પષ્ટતા ન હોઈ જો આ પ્રકારનીસ્થળ તપાસમાં ફાયર વિભાગ ધ્વારા અલાયદી માહિતી હોય તો તેની માહિતી લાગત ખાતામાંથી મેળવી, અન્યથા તે અંગેની દફતરી હકીકતલક્ષી વિગતો, ગેરકાયદેસર જવલનશીલ પદાર્થના જથ્થા અંગે નહીં પૂરી પડાયેલ માહિતી ખાતાકીય તપાસ થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ દફતરી માહિતી તથા નામદાર આયોગ અને વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના સંદર્ભ અને પૂર્વ નિર્ણય વાદના સિધ્ધાંતોને અનુલક્ષી પ્રશ્ન હેઠળની મિલ્કત અંગે કારખાના બંધ કરવાની જવાબદારી કોની તે અંગેની રેકર્ડ આધારિત માહિતી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અપીલ તબકકે કેસ નંબરની જાણકારી બાબતે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતં છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,